## જન્મદિને વધામણી



કીર્તિભાઈ વિઠ્ઠલદાસ સુખડિયા
વેપારી, વૃંદાવન, સેક્ટર-૨૨
સહમંત્રી, ગાંધીનગર
મીઠાઈ-ફરસાણ એસોસિએશન
ખજાનચી, ગાંધીનગર સુખડિયા
સમાજ વિકાસ ટ્રસ્ટ
મો. ૯૨૨૭૪ ૦૦૪૫૬



મહેન્દ્રકુમાર મફતલાલ પરમાર
મો. ૯૬૦૧૨ ૮૯૬૬૩



સ્નેહાબા શક્તિસિંહ ઝાલા
મો. ૯૭૩૭૭ ૬૧૯૦૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

\- સંપાદક

# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા શૅક્સપિયરની જન્મજયંતિની ઉજવણી



એપ્રિલ મહિનામાં અંગ્રેજી ભાષાના મહાન સાહિત્યકાર શૅક્સપિયરનો જન્મદિવસ આવે છે. આ દિવસની ઉજવણી વિશ્વભરમાં 'વર્લ્ડ ઈંગ્લિશ લેંગ્વેજ ડે' તરીકે કરવામાં આવે છે. દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના અંગ્રેજી વિભાગ દ્વારા આ પ્રસંગને વિદ્યાર્થીઓ દ્વારા શૅક્સપિયરના પ્રખ્યાત નાટક 'જુલિયસ સિઝર'નાં પાત્રો માર્ક ઍન્ટની અને બ્રૂટ્સના સંવાદોના માધ્યમથી ઉજવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા તેમના સોનેટની પણ પ્રસ્તુતિ આ પ્રસંગે કરવામાં આવી હતી. અંગ્રેજી વિભાગના શિક્ષકો દ્વારા અંગ્રેજી ગીત ગાઈને શૅક્સપિયરને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# રાજ્યકક્ષાની ગેમ્સમાં જિલ્લાના ૬ દિવ્યાંગોએ ૭ મૅડલ પ્રાપ્ત કર્યા




ભારત સરકારના યુથ અફેર્સ અને સ્પોર્ટ્સ મંત્રાલયની સ્કિમ ઑફ સ્પૉર્ટ્સ ઍન્ડ ગેમ્સ ફોર ધી ડિસેબલ્ડ અંતર્ગત ગાંધીનગર, બનાસકાંઠા, કચ્છ, મહિસાગર અને ભાવનગર એમ પાંચ જિલ્લાઓની સ્ટેટ ચૅમ્પિયનશીપ હિંમતનગર મુકામે યોજાઈ હતી, જેમાં ગાંધીનગર જિલ્લાના ૬ દિવ્યાંગ ખેલાડીએ ભાગ લઈ ૭ જેટલા મૅડલ જિત્યા છે. આ પૈકી પાંચ ખેલાડીઓએ તો ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યા છે. જીનલ મનહરસિંહ ચૌહાણે ફૂટબૉલમાં, દિપ ઍમ ઝાલાએ બોચીમાં, અમરીન આર શેખે સૉફ્ટ બૉલ થ્રો અને ૧૦૦ મીટર રનમાં તથા ધ્રુવ પ્રવીણભાઈ પટેલે ૧૦૦ મીટર રનમાં ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત અનિલ બકાભાઈ રાવલ અને સાહિલ ચમનજી ઠાકોરે ફૂટબૉલમાં ૨ સિલ્વર મૅડલ પ્રાપ્ત કર્યા હતા. સ્પેશિયલ પ્રશિક્ષક જિજ્ઞેશ વસંતભાઈ રાવલ અને વંદના દિનેશચંદ્ર ભટ્ટના માર્ગદર્શનમાં ગાંધીનગર જિલ્લાની ટીમે આ સફળતા પ્રાપ્ત કરી હતી.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા વિશ્વ ધરતી દિવસ ની ઉજવણી. કૉલેજ કૅંપસ ખાતે કરવા માં આવી. જે કાર્યકર્મ માં વનશ્રી ક્લબનાં અંજના નિમાવત અને ચૈતન્ય નિમાવતની પ્રેરક ઉપસ્થિતમાં આયોજિત થયો હતો. તેમણે વિદ્યાર્થીઓને ધરતીમાતાનું મહત્વ ફક્ત પર્યાવરણ પૂરતું નહિ પણ આર્થિક રીતે પણ છે, તે બાબત નું માર્ગદર્શન આપ્યું હતું. સાંપ્રત સમયમાં ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓથી પર્યાવરણ પર માઠી અસર પડે છે તેમજ વાતાવરણ પ્રદૂષિત થાય છે. ત્યારે બીબીએ કૉલેજ ગાંધીનગર સામાજીક જવાબદારી બાબતે વિદ્યાર્થીઓ જાગૃત થાય તેવા કાર્યક્રમના ભાગ રૂપે વિશ્વ ધરતી દિવસની ઉજવણી કૉલેજ દ્વારા કરવામાં આવી હતી. જેમાં બીબીએના ૪૦ વિદ્યાર્થી તેમજ સ્ટાફના સભ્યો અને વનશ્રીના કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમની સાથે સાથે ચકલીના માળા તેમજ પાણીની પરબનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. જેને બીબીએના વિદ્યાર્થીઓ તેમજ વનશ્રીના કાર્યકર્તાઓ દ્વારા પ્રસ્થાપિત કર્યા હતા. આજના કાર્યક્રમ ખાસ ઉપસ્થિત ચૈતન્ય નિમાવતે વિદ્યાર્થીઓને સમાજના જાગૃત નાગરિક બનવાની શીખ આપી હતી. ત્યારબાદ અંજનાબેન નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને પૃથ્વીની મહત્તા તેમજ તેની જાળવણી બાબતે વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો હતો. પૃથ્વીનું ખનિજ તેમજ પેટ્રોલિયમ પદાર્થ માટે થતુ દોહન, પ્રદૂષણથી થતું નુકશાન જેવી બાબતો તેમણે સમજાવી હતી. જો આપણે પૃથ્વીની જાળવણી નહીં કરીએ તો ભૂકંપ, સુનામી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી અનેક હોનારતોનો સામનો માનવ સમાજને કરવો પડશે આથી ધરતીને આપણે લોકમાતાનો દરજ્જો આપીએ છીએ. ત્યારે પ્રતિકાત્મક રીતે ધરતી માતાની પૂજા સમાજમાં જાગૃતિ લાવવા ઉપયોગી થશે. આ પ્રસંગે કૉલેજના પ્લેસમેન્ટ તેમજ ટ્રેનીંગ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આજનો સંદેશ દિવસ પૂરતો મર્યાદિત નહીં રાખી હરહંમેશ તેનું અમલીકરણ કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્યશ્રી ડૉ.રમાકાંત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્રો. માર્ગી દેસાઈ તેમજ કૉલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

### ફિનકૅર કંપની દ્વારા

# ગાંધીનગર જિલ્લાનાં ગામોમાં જનજાગૃતિ અભિયાન યોજાયું



ફિનકૅર કંપની દ્વારા ગાંધીનગર જિલ્લાના ભાઈલાકુઈ, ગુંદીયાના મુવાડા તેમજ પથુજીના મુવાડા ગામોમાં શેરી નાટકનું આયોજન કરી કૅશલેસ સેવાઓ, સુરક્ષિત બૅન્કિંગ તેમજ 'સ્વચ્છ ભારત મિશન' અન્વયે સ્વચ્છતા અંગેનો સંદેશ ૫૦૦થી વધુ ગ્રામજનોને આપવામાં આવ્યો હતો. કંપનીનાં કર્મચારી હર્ષિદા અમીન, ધર્મિષ્ઠા સોલંકી, વર્ષાબેન તેમજ મહેઝબીન સૈયદ દ્વારા અભિનય કરી વિવિધ ગામોમાં કચરાનો યોગ્ય નિકાલ કેવી રીતે કરવો તેમજ શૌચક્રિયા માટે શૌચાલયના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો હતો. તદુપરાંત સ્વચ્છતા અને સુરક્ષિત બૅન્કિંગ અંતર્ગત પ્રશ્નોત્તરીનું આયોજન પણ કર્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં હિના જોશી અને હેન્સી જોશી દ્વારા ગ્રામજનોને વિવિધ ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ગંઠાઈ જવાનો ગુણ
પહેલાં લોહીમાં હતો
હવે એ
લાગણી સુધી
પહોંચ્યો છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૩**
સ્મર્ફ્સ (હિન્દી, ૩ડી)
૬.૧૫
ફાસ્ટ ઍન્ડ ફ્યુરિયસ-૮
(હિન્દી, ૩ડી)
૧.૧૫, ૩.૪૫
ફાસ્ટ ઍન્ડ ફ્યુરિયસ-૮
(અંગ્રેજી, ૩ડી)
૮.૦૦
સ્મર્ફ્સ (અંગ્રેજી, ૩ડી)
૧૧.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
સવારે ૧૦.૦૦
માતૃ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
બેગમ જાન
૭.૦૦

**સ્ક્રીન-૫**
નૂર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

# જીટીયુમાં એઆઈસીટીઈનું ઈન્સપેક્શન સંપન્ન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)માં તાજેતરમાં બે કોર્સ માટે ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશનની ટીમ દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે યુનિ. દ્વારા પોતાની રીતે પી.જી.કોર્સ શરૂ કરી શકાતા હોય છે. પરંતુ યુનિવર્સિટીની સ્થાપનાના ૧૦ વર્ષ પછી પી. જી. કોર્સ અને રિસર્ચ સેન્ટર પણ શરૂ કરવાનું હોવાથી યુનિવર્સિટી દ્વારા કાઉન્સિલનું ઈન્સ્પેક્શન માંગવામાં આવ્યું હતું. યુનિવર્સિટી કેમ્પસમાં ત્રણ નવા પી.જી. કોર્સ અને રિસર્ચ સેન્ટર શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે પૈકી હાલમાં સાયબર સિક્યુરિટી અને ફાર્મસીને લગતાં બે પી. જી. કોર્સ માટે કાઉન્સિલનું ઈન્સ્પેક્શન માંગવામાં આવ્યું હતું.

# પ્રેમ એટલે પ્રેમ, એટલે બસ પ્રેમ...




કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિને પ્રેમ કરે છે, કારણ કે બસ પ્રેમ કરવામાં આવે છે. પ્રેમ કરવા માટે કોઈ કારણની આવશ્યકતા ક્યાં હોય છે. પ્રેમ તો માત્ર ને માત્ર આપવાની જ બાબત છે. જો કોઈ એવી અપેક્ષા સાથે પ્રેમ કરે છે કે, સામેથી મને પ્રેમ મળશે તો ખરેખર એ સમય બરબાદ કરે છે. પ્રેમ તો અહેસાસની અભિવ્યક્તિ છે. પ્રેમમાં તો પડાય, પ્રેમમાં પડ્યા રહેવાય, પ્રેમમાં ઊભા ન થવાય, પ્રેમમાં તો પડ્યા પડ્યા વહેતા રહેવાય.

બ્રાઝીલના પ્રસિદ્ધ લેખક-ચિંતક પાઓલો કોહેલોએ લખ્યું છે કે, 'બુદ્ધિમાન એટલા માટે બુદ્ધિમાન છે, કારણ કે, એ પ્રેમ કરે છે. મુર્ખ એટલા માટે મુર્ખ છે કારણ કે, એ એમ વિચારે છે કે, હું પ્રેમને સમજી શકું છું.' પ્રેમ સમજવાનો ક્યાં હોય. પ્રેમમાં તો પાગલપન છે. પ્રેમ તો સતત-અવિરત આપવાનો હોય. આપતા આનંદ આવે એ પ્રેમ છે. પ્રેમમાં તો જઝબાતનું મહત્ત્વ હોય. હૃદયથી હૃદયની વાત સમજી લેવાતી હોય છે. ભાષા પહેલાં તો આંખોથી અનુભૂતિ થઈ જતી હોય છે. પ્રેમતો જંગલ જેવો ગાઢ હોય પ્રગાઢ હોય. એનો અંત ન હોય. એ તો અનંત અને અફાટ હોય.

પ્રેમ એટલે પ્રેમ, એટલે પ્રેમ, એટલે બસ પ્રેમ. રોજ સાંજે પાર્કમાં આંટો મારી દાદા બરાબર સાડા સાતથી આઠ વચ્ચે ઘરે આવી જાય. એ દિવસે સવા આઠ વાગ્યા સુધી દાદા ઘરે ન આવ્યા. બાર વર્ષનો પૌત્ર જૈમિન બુટ પહેરી ઘરની બહાર નીકળી ગયો. પાર્કમાં-રસ્તામાં હાંફળો-ફાફળો થઈને જે મળે એને પુછવા લાગ્યો. 'મારા દાદાને જોયા...?' બીજી બાજુ એ નીકળ્યો ને થોડીવારમાં જ દાદા ઘરે પહોંચી ગયા. નિત્યક્રમ મુજબ પૌત્રને ન જોતા દાદા વ્યાકુળ થઈ ગયા.

'વહુ, જૈમિન દીકરો ક્યાં છે ?'

'એ તો તમને ખોળવા ગયો.' વહુએ કહ્યું. ચપ્પલ કાઢ્યા વગર દાદા આવ્યા હતા તેના કરતાં ડબલ સ્પીડમાં ઘરની બહાર નીકળી ગયા. રસ્તા ઉપર જૈમિને દાદાને જોયા જોરથી બુમ પાડી 'દદુ' અને દોડતો આવી દાદાને વળગી પડ્યો. ' કેમ આટલું મોડું કર્યું, ક્યાં રોકાઈ ગયા હતા ? ' 'મને કેટલી તમારી ચિંતા થઈ. તમને ખબરછે હું તમને કેટલો પ્રેમ કરૂ છું દદુ...? 'વગેરે વગેરે પ્રશ્નોની ઝડી જૈમિન રોતા રોતા વરસાવવા લાગ્યો. આ પ્રેમ છે. અહીં કાંઈ અપેક્ષા, ઈચ્છા, માગવાની કોઈ વાત નથી. માત્ર ને માત્ર પ્રેમ અને એને જાનદાર અભિવ્યક્તિ છે. આ પારિવારિક પ્રેમનો 'સેગમેન્ટ' છે.

મિત્રના આનંદમાં આવતો આનંદ મૈત્રિપૂર્ણ પ્રેમ છે. મિત્રની ઈચ્છા પૂરી થતા જે સંતોષ થાય એ પ્રેમ છે. દોસ્તની અપેક્ષા અને આવશ્યકતા એના કહ્યા વગર સમજ પડી જાય અને એ હાંસલ કરવા માટે હૃદયપૂર્વકના પ્રયત્ન થાય એ પ્રેમ છે.

પ્રેમની વાત નીકળે અને હિર-રાંઝા, શીરી-ફરાહ, રોમિયો-જુલીયટની વાત ન આવે એમ ક્યાંથી બને ? ઠેસ એકને વાગેને દર્દ બીજાને થાય. અપમાન એકનું થાય અને હૃદયમાં ચીરાડો બીજાને પડે. રોમાન્સપૂર્ણ પ્રેમની વાત નિરાળી હોય છે. જ્યારે પ્રેમીઓ એક-મેકની પડખે હોય ત્યારે સમયની સવારી એવી તો ફટાફટ સ્પીડે દોડતી હોય છે કે, પ્રેમીઓ હવાની સાથે વાતો કરવા લાગતા હોય છે. રોમાંસપૂર્ણ પ્રેમની વિશેષતા એ છે કે, પ્રેમીના શ્વાસમાં ગુલાબની સુગંધનો અહેસાસ થાય. રોમાંસપૂર્ણ પ્રેમમાં આખી દુનિયા ખૂબ હસીન લાગે. ચારેય દિશાઓમાં રંગબેરંગી ફૂલો ઉગેલા લાગે. હવામાંથી મધુર સંગીત સંભળાયા કરે. બધુ જ સુંદર અને મઝાનું લાગે ઈશ્વરની તમામ રચના થનગનતી અને ઝગમગતી લાગે. રોમાંસપૂર્ણ પ્રેમની તાકાત અંતરાત્મામાં પરમાત્માના દર્શન જેવી લાગે. પ્રેમ એક પૂર્ણતા છે. પ્રેમમાં જે હોય એને બધું જ પરમતત્વ જેવું લાગે.



જીવનનું પરમ સત્ય તો પરમાત્મા જ છે. જિવનના જે અધ્યાયમાં આધ્યાત્મિકતાનો આવિર્ભાવ થાય એ પ્રેમનું સૌથી શ્રેષ્ઠ સ્વરૂપ છે. આધ્યાત્મિક પ્રેમ માનવીય સંવેદનનું સંપૂર્ણ સ્વરૂપ ઉજાગર કરે છે. એરિસ્ટોટલ પ્રેમને ડિફાઈન કરતાં કહે છે કે, સારું અને મજાનું થાય એ જ પ્રેમ છે. પ્રેમની અભિવ્યક્તિ જીવનની ડગરને એટલા આનંદથી ભરી દેતો હોય છે કે, માણસ પાંખો ફફડાવી ખુલ્લા આસમાનમાં ઉડવા લાગે છે.

પ્રેમને સતત વહેવડાવો પડે. વિલિયમ શેક્સપિયર તો ત્યાં સુધી કહે છે કે, જ્યાં પ્રેમની અભિવ્યક્તિ નથી એ પ્રેમ નથી. યાદ કરો છેલ્લે ક્યારે દિલ ખોલીને પ્રેમની અભિવ્યક્તિ કરી હતી ? ક્યારેક માતા કે પિતાને કહી તો જુઓ કે, 'યુ આર માય લાઈફ. આઈ લવ યુ અ લોટ.' મિત્રને કહો તો ખરા કે, 'તુ મારો હીરો છે, લવ યુ ડીયર.' બહારગામ અભ્યાસ કરતાં કે નોકરી કરતાં દીકરો કે દીકરી જ્યારે આવે ત્યારે તેને ભેટીને કહી તો જુઓ કે, ફ્આઈ મીસ યુ બેટા, હું તને ખુબ પ્રેમ કરૂં છું.' લગન પહેલાં પ્રેયસી સ્વરૂપે અનેક વાર કદાચ કીધું હશે, ' હું તને ચાહુ છું' પણ લગનના વીસ પચીસ વર્ષ પછી પત્ની માટેનો પ્રેમ લેશમાત્ર ન ઘટે બલ્કે પ્રતિદિન એમાં વધારો થાય એમાં જીવનની અસલી મીઠાશ છે એ વાત શબ્દોમાં વહેવડાવી જુઓ. એને કહોને કે, ' તારા વગરની જિંદગી હું કલ્પી શકતો નથી. તું જ મારુ જીવન છે, આઈ લવ યુ...' મિત્ર મેહુલ ભટ્ટે થોડા સમય પહેલા ડૉ. નિમિત્ત ઓઝાનો એક પીસ મોકલ્યો હતો. ' એઝ ઈટ ઈઝ ' ડૉ. ઓઝાની કલમે લખાયેલી પ્રેમની અભિવ્યક્તિની અદભૂત વાત અહીં મૂકી છે.

" પેલા ડૂબતા સૂરજને થોડી વાર માટે ક્ષિતિજ ઉપર **push** કરીને, આકાશમાં સંધ્યાના રંગોનો થોડો **Contrast** વધારીને, દરિયાની બરોબર વચ્ચે એક ગુલમહોરનો હિંચકો બનાવી, એના ઉપર તને બેસાડી, દરિયાના અવાજોને **Mute** કરી... બસ, તમને એટલું જ કહેવું છે... **'I Love U...** યાર'

દરિયાના બે કાંઠાઓ વચ્ચે એક **Fly Over** બનાવી, એના ઉપર આખી વસંત પાથરીને, તારી સાથે ચાલતા ચાલતા, બસ, તને એટલું જ કહેવું છે... **'I Love U...** યાર'

એક ખાલી વાદળામાં અઢળક ગુલાબ ભરીને, એ વાદળાને આકાશમાં ઉડાડી, તારા ઉપર ગુલાબનો વરસાદ કરીને... મારે તો ફક્ત એટલું જ કહેવું છે...**'Don't Mind, I Love U...** યાર'

રોજ સવારે તારા ચહેરા ઉપર ઝાકળ પથરાવી, મારી આંખોમાં સૂરજ ઉગાડી, તારા ગાલ ઉપર મેઘધનુષ રચીને, મારે તો તને એટલું જ કહેવું છે...**'Really, I Love U...** યાર'.

ફક્ત ૨ મિનિટ માટે, તું મારી સાથે ચંદ્ર પર આવીશ ? ચંદ્ર એ કેટલાય વર્ષોથી અરીસો જોયો જ નથી... તો મને થયું કે એને તારો ચહેરો જ બતાવી દઉં... પછી ભલેને ચંદ્ર થોડા દિવસ **Over Confidence**માં ફરે કે... 'આપણામાં ડાઘ છે જ નહિ'... એ ખુશ ખુશાલ ચાંદનીના આછેરા ઉજાસના સમ ખાઈને કહેવું છે તને...**'I Love U...** યાર'

૫૦૦ ગ્રામ વાદળના ટુકડા ઉપર એક સળગતી મીણબત્તી મૂકીને ઝગમગતા તારાઓની વચ્ચે, પેલા પૂનમના ચંદ્રની સાક્ષીએ **Background**માં વીજળીના કડાકા અને વરસાદના અવાજની **Special Effect**ની સાથે કહેવું છે તને...**'I Love U...** યાર'

સૂરજની લાલાશને એક રીફીલમાં ભરી, એ લાલ પેનથી સફેદ વાદળ ઉપર બધા વાંચી શકે એવી રીતે લખવું છે...**'Honestly, I Love U...** યાર'

શું શુભ કે લાભ ? મારા જીવતરના પંચાંગમાં, તારા નામના ચોઘડિયા બનાવી, તને અનુકૂળ નક્ષત્રો રચીને એક વાર કહેવું છે...**'I Really Love U...** યાર'.

વસંત હશે ફૂલોને ખીલવા માટેનું કારણ. અમે તો તારા નામની મોસમથી ખુલીએ અને ખીલીએ. વહેલી પરોઢે, ફૂલોની એકલતા જોઈ એને વળગી પડતી ઝાકળ જેવી એક કવિતાની જેમ તને જીવીએ છીએ. **Boss,** તું કવિતા છે. હવામાં જેનો પ્રાણવાયુ હશે એ બીજા... મારો પ્રાણવાયુ તો કવિતા છે... એ કવિતાના સમ...**'I Love U...** યાર'

આ મઝાના શબ્દો જીવનમાં કેમ ના ઉતારી શકાય ? જીવનસાથીને આ પ્રેમભર્યા શબ્દોના ટહૂકારથી કેમ ભીંજવી ન શકાય ?

**ધબકાર**

ઈશ્વરે દરેકના હૃદયમાં છલોછલ માત્ર પ્રેમ ભર્યો છે, જે દિવસે એની સમજ પડવાની શરૂ થાય છે, ત્યારથી જ દુનિયા બદલાવાની શરૂ થઈ જાય છે.